ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

તારીખ ૨૧/૧૧/૨૦૨૦

પ્રતિ,
મા.આચાર્યશ્રી/ અધ્યક્ષશ્રી/વિભાગીય વડાશ્રી/સંયોજકશ્રી/અધિકારીશ્રીઓ
સંલગ્ન કોલેજો/અનુસ્નાતક ભવનો –કેન્દ્રો,
ગુજરાત યુનિવર્સિટી.

વિષય :- 26 નવેમ્બર Consitution Day : સંવિધાન દિવસ ઉજવણી સંદર્ભે માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા સંવિધાનનાં આમુખ Preamble of Consitution ના વાંચન સંબધિત કાર્યક્રમમાં જોડાવા અને કોવીડ -૧૯ ની માર્ગદર્શક જોગવાઈઓ ધ્યાને લઈ સંવિધાન દિવસ નિમત્તે વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવા બાબત

**સંદર્ભ :- Letter of UGC , D.O No.14-22/2015(CPP-II) 19th November 20, 2020**

માનનીયશ્રી
ઉપરોક્ત વિષય અને સદંર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે Consitution Day : સંવિધાન દિવસ ઉજવણી દર વર્ષે 26 નવેમ્બરના રોજ ભારતમાં ઉજવવામાં આવે છે. ભારતનાં સંવિધાનનાં આમુખનું વાંચન અને સંવિધાન વિશે અવગત થવું આપના સર્વેની નૈતિક ફરજ સાથે સંવિધાન દિવસ ઉજવણી સંદર્ભે એક મહત્વપૂર્ણ બાબત છે.

આ વર્ષે ભારતનાં માનનીય વડા પ્રધાનશ્રી 26 નવેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગુજરાતના કેવડિયા ખાતેના ઓલ ઈન્ડિયા પ્રિઝાઈડિંગ અધિકારીઓની પરિષદ દરમિયાન સંવિધાનનાં આમુખનું Preamble of Consitution વાંચન કરશે.

ભારત રાષ્ટ્રનાં મહત્ત્વપૂર્ણ આ દિવસે માનનીય વડા પ્રધાન શ્રીના સંવિધાનના આમુખનું વાંચનના પ્રસંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો,અનુસ્નાતક ભવનો –કેન્દ્રો અને વહીવટીય કચેરીઓનાં તમામ અધિકારીઓશ્રીઓ ,આચાર્યશ્રીઓ, સંયોજકોશ્રી ,વિભાગીય વડાશ્રીઓ ,અધ્યાપકોશ્રી,વહીવટીય સ્ટાફ ,સંશોધકો અને વિદ્યાર્થીઓને 26 નવેમ્બરના રોજ સવારે૧૧ કલાકે અચૂક જોડાવા વિનંતી છે. આ સાથે આપશ્રી બીડાણમાં જણાવેલ **Letter of UGC, D.O No.14-22/2015(CPP-II) 19th November 20, 2020 બાબતોને દયાને લેતા વૈવિધ્યસભર કાર્યક્રમો–વેબિનાર કોવીડ -૧૯ ની માર્ગદર્શક જોગવાઈઓ ચુસ્ત પાલન કરીને આયોજિત કરવા વિંનતી છે.**

ભારતનાં સંવિધાનની રેપ્લિકા કોપી (અંગ્રેજી અને હિન્દી ભાષામાં )નું પૂજન સાથે માનનીય વડા પ્રધાન શ્રીના સંવિધાનનાં આમુખનું વાંચનનાં પ્રસંગે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે મા.કુલપતિશ્રી ,માં.ઉપકુલપતિશ્રી અને મા.કુલસચિવશ્રી જોડાશે તેમજ સંવિધાન ઉપર પ્રકાશિત અન્ય ગ્રંથોનું ગ્રંથપ્રદર્શન માનનીય વડા પ્રધાન શ્રીના સંવિધાનનાં આમુખના વાંચન બાદ તેઓશ્રીઓનાં વરદહસ્તે કોવીડ -૧૯ની માર્ગદર્શક જોગવાઈઓને આધીન ગ્રંથાલય ખાતે ખુલ્લું રાખવામાં આવશે.

આભાર સહ

કુલસચિવશ્રી s/d